કુલસચિવશ્રીની કચેરી,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

---

**<u>સમય મર્યાદા</u>**

**CCC / CCC+ ના પ્રમાણપત્રોની નકલ તાત્કાલીક મોકલવા બાબત...**

## —:: <u>પરિપત્ર</u> ::—

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની યુનિટ/સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, સરકારશ્રીના હાલના પ્રવર્તમાન નિયમો મુજબ વર્ગ—૩ની વિવિધ સંવર્ગની જગ્યઓ સીધી ભરતીથી / બઢતીથી ભરવા માટે શૈક્ષણિક લાયકાતમાં **CCC**ની લાયકાત હોવી જરૂરી છે. અત્રેની યુનિવર્સિટીની ખાલી રહેવા પામેલ જગ્યાઓ બઢતીથી ભરવા મંજુરી અર્થે સરકારશ્રીમાં દરખાસ્ત મોકલવામાં આવે છે. સરકારશ્રીની સૂચના મુજબ સદર દરખાસ્તોમાં વર્ગ—૩ના (ડ્રાઈવર સંવર્ગને બાદ કરતા) નિયમિત કર્મચારીશ્રીઓના શૈક્ષણિક લાયકાત અન્વયેના **CCC**ના પ્રમાણપત્રોની નકલ માંગેલ હોય આપશ્રીના તાબા હેઠળ ફરજ બજાવતા વર્ગ—૩ના તમામ નિયમિત મહેકમના **CCC**ના પ્રમાણપત્રોની નકલ ***<u>આવતી કાલે બપોરે ૧૫:૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ મોકલી આપવા વિનંતી છે</u>*** . જે થી સરકારશ્રીમાં ઉકત બાબતની દરખાસ્ત તાત્કાલીક મોકલી શકાય. તેમજ સદર પ્રમાણપત્રોની નકલ આપના તરફથી ન મોકલવાને કારણે સરકારશ્રીમાં માહિતી નિયત સમયમાં ન પહોચવાથી ભવિષ્યમાં કોઈ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તેની તમામ જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે. જેની નોંધ લેવી.

વધુમાં વર્ગ—૧ અને વર્ગ—૨ના કર્મચારી / અધિકારીશ્રીઓની શૈક્ષણિક લાયકાતમાં **CCC+** ની લાયકાત હોવી જરૂરી છે. જેથી શિક્ષક સંવર્ગની વર્ગ—૧ અને વર્ગ—૨ ની જગ્યાઓ કેરીયર એડવાન્સમેન્ટ યોજના હેઠળ ભરવા માટે સદર પ્રમાણપત્રની જરૂરિયાત રહે છે જેથી અત્રેની કચેરીના રેકોર્ડ માટે આપના તાબ હેઠળ ફરજ બજાવતા તમામ વર્ગ—૧ અને વર્ગ—૨ના અધિકારી/ કર્મચારીશ્રીઓના **CCC+** ના પ્રમાણપત્રોની નકલ દિન—૧૦ માં અત્રેની કચેરીએ અલગથી મોકલવાની રહેશે.

**ઈ/ચા.કુલસચિવ**

**જા.નં.નકૃયુ/રજી/એડીએમ૧ અને ૨ ટેબલ/૧૦૭૭૦-૮૨૯ /૨૦૧૪.**
**નવસારી. તારીખ:૨૪/૦૯/૨૦૧૪.**

**<u>નકલ સવિનય રવાના:—</u>**

***<u>નવસારી કૃષિ યુવિનર્સિટી, નવસારીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ પરિપત્રમાં જણાવ્યા મુજબ વર્ગ—૩ ના કર્મચારીશ્રીઓના CCCના પ્રમાણપત્રોની નકલ આવતી કાલે બપોરે ૧૫:૦૦ કલાક સુધીમાં મોકલવા તથા વર્ગ—૧ અને વર્ગ—૨ના અધિકારી / કર્મચારીશ્રીઓની CCC+ ના પ્રમાણપત્રોની નકલ દિન—૧૦માં મોકલવા સારૂં.</u>***